Extra No. 21

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **SATURDAY, JANUARY 17, 2026 / PAUSA 27, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), મહેસાણાના જા.પ્ર/SRPDN/SO-2/50/સને ૨૦૨૬ તા.૧૨/૦૧/૨૦૨૬

હુકમ

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૪૬૯ થી ૫૩૭/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય), મહેસાણાના જા.નં.જા.પ્ર/SRPDN/SO-2/૫૦/ સને ૨૦૨૬ તા.૧૨/૦૧/૨૦૨૬થી રાધનપુર-સમી-હારીજ-ચાણસ્મા રસ્તા (SH-55) પર ગામ-ગોચનાદ, તા.સમી, જી.પાટણ પાસે કિ.મી. ૬/૫૫૨ પર આવેલ બનાસ નદી ઉપરનો હયાત બ્રિજ વર્ષ-૧૬૯૫ માં બનાવવામાં આવેલ હોઈ, જેને ધ્યાને રાખતાં આગામી સમયમાં કોઈ અનઈચ્છનીય બનવ ન બને તે હેતુથી તકેદારીના ભાગ રૂપે ૧.૮ મીટરની ઊંચાઈ વાળા તથા ૩ MT વજન સુધીનાં LMV ને બ્રીજ પરથી પસાર થવા મંજુરી આપીને, ભારે વાહનોના ટ્રાફીકને પુલ ઉપરથી પ્રતિબંધિત કરી અન્ય વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ઝન ઉપલબ્ધ થાય ત્યાં સુધી પસાર કરવો જરૂરી જણાતો હોઈ, સદર બાબતનું જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

સબબ, રાધનપુર-સમી-હારીજ-ચાણસ્મા રસ્તા (SH-55) પર ગામ-ગોચનાદ, તા.સમી, જી.પાટણ પાસે કિ.મી. ૬/૫૫૨ પર આવેલ બનાસ નદી ઉપરનો હયાત બ્રિજ ઘણો જૂનો હોઈ, બ્રિજ પરના ભારે વાહનોના ટ્રાફિકને પુલ ઉપરથી પ્રતિબંધિત કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ ૧.૮ મીટરની ઊંચાઈ વાળા તથા ૩ MT વજન સુધીનાં LMV વાહનો સિવાયના તમામ ભારે વાહનોના ટ્રાફિકને ઉક્ત બ્રીજ પર પસાર થવા પ્રતિબંધ ફરમાવું છું અને નીચેના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

રાધનપુર (કી.મી. 0+00) થી ચાણસ્મા (કી.મી. 60+410) SH-55 રોડ જી.પાટણ બનાસ નદી પરના ગોચનાદ બ્રીજના ડાયવર્ઝન

ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૧	રાધનપુર થી પાટણ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દુનાવાડા-પાટણ

ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૨	રાધનપુર થી હારીજ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-ઉન-થરા-ટોટાના-રોડા-વેજાવાડા-બોરતવાડા-હારીજ
૩	રાધનપુર થી હારીજ આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દાદર-જસંવતપુરા-બોરતવાડા-હારીજ
૪	રાધનપુર થી સમી આવવા /જવા માટે	મોટા / ભારે વાહનો માટે	રાધનપુર-સીનાડ-દાદર-સમી

અમલવારીનો સમયગાળો :-

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરવા ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે

આજ રોજ તારીખ : ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ IAS
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.06 16:46:05 IST